# ઈન્ડોર કોર્ટ પર ઉચ્ચ કક્ષાનું ટેનિસ જોવા મળી શકે છેઃ ઝીશાન અલી



નવી દિલ્હીઃ ભારતની ડેવિસ કપની ટીમના કોચ ઝીશાન અલી કૅનેડા સામે રમાનારી આગામી મેચમાં ઉચ્ચ કક્ષાના ટેનિસની આશા રાખે છે કારણ કે ઈન્ડોર કોર્ટ પરની તે રમતમાં સૂર્ય તાપ કે પવન જેવા બહારી મુદ્દા રમત ઉપર કોઈ અસર કરશે નહીં.

મેચ એડમન્ટન ખાતે ૧૫મી સપ્ટેમ્બરથી રમાનાર છે અને ઝીશાને કહ્યું હતું કે ભારતના ખેલાડીઓના સારા દેખાવની આશા રાખવામાં આવી રહી છે.

''ઈન્ડોર કોર્ટમાં રમવાનું આપણા ખેલાડીઓ અને ખાસ કરી યુકી (ભામ્બ્રી)ને ગમે છે, જેણે ભારતે છેલ્લી વેળા ન્યૂ ઝીલેન્ડ સામે ઈન્ડોરમાં રમેલી મેચમાં સારી રમતનું પ્રદર્શન કર્યું હતું,'' એમ ઝીશાને એડમન્ટન ખાતેથી સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહેતા ઉમેર્યું હતું કે આ વાતમાં ભારત માટે કોઈ ગેરલાભ હોવાનું તે માનતો નથી અને સાથોસાથ હરીફ ટીમને લાભ હોવાનું પણ માનતો નથી.

ઝીશાને કહ્યું હતું કે ઈન્ડોર કોર્ટમાં રમવામાં સ્થિતિ બિલકુલ બરોબર હોય છે અને પવન કે સૂરજ જેવા બહારના મુદ્દાની કોઈ ચિંતા હોતી નથી કે જેથી ટેનિસનું ધોરણ આપોઆપ વધી જવા પામે છે.

ઝીશાન અને ભૂતપૂર્વ કેપ્ટન એસ. પી. મિશ્રાનો અભિપ્રાય છે કે છેલ્લાં ત્રણ વર્ષની સરખામણીમાં ભારતને વિશ્વ વિભાગમાં પ્રવેશ કરવાનો આ વખતે સારો મોકો રહેલો છે. ભારત અગાઉ સર્બિયા, ઝેકોસ્લાવિયા પ્રજાસત્તાક અને સ્પેન સામે આ તબક્કામાં હારી ગયું હતું.

કૅનેડાની ટીમમાં ડેનિસ શેપોવાલેવ જેવો ઊગતો ટેનિસ સિતારો અને વિશ્વનો ૫૧મો ક્રમાંકિત ખેલાડી તથા ડબલ્સની રમતનો નિષ્ણાત ડેનિયલ નેસ્ટર છે.

વિશ્વનો ૧૧મો ક્રમાંકિત મિલોસ રાઓનિક હાથના કાંડામાં થયેલી ઈજાના કારણે ગેરહાજર છે કે જે કારણે તે યુ. એસ. ઓપનમાંથી પણ ખસી ગયો હતો.

કેપ્ટન મહેશ ભૂપતિએ કહ્યું હતું કે અગાઉનાં વર્ષો કરતાં આ વેળા ભારતને વધુ સારો મોકો છે અને કૅનેડાના ખેલાડીઓ વધુ ઊંચા રેન્કિંગ ધરાવતા હોવા છતાં, ભારતીય ખેલાડીઓએ સારી તૈયારી કરી છે. (પી.ટી.આઈ.)■

# ટેસ્ટ ક્રિકેટમાંથી આરામ લેવાના નિર્ણયનો બચાવ કરતો શકિબ



ઢાકાઃ વિશ્વના ટોચના ઓલ-રાઉન્ડર તરીકે રહેતા બાંગ્લાદેશના શકિબ અલ હસને ટેસ્ટ ક્રિકેટમાંથી બાકાત રહી મર્યાદિત ઓવરની મેચો રમવાના પોતાના નિર્ણયનો બચાવ કરતા કહ્યું હતું કે તેણે પોતાની કારકિર્દી વધુ લાંબી કરવા લાંબી મુદતની રમતમાંથી આરામ લેવો જરૂરી છે.

શકિબે બાંગ્લાદેશ ક્રિકેટ બૉર્ડ (બી.સી.બી.) પાસેથી છ મહિનાનો આરામ લેવાની માગણી કરી હતી જે કારણે તે આ મહિને દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં બે ટેસ્ટ મેચમાં રમી શકશે નહીં. પણ, ૩૦ વર્ષનો શકિબ ત્રણ વન-ડે ઈન્ટરનેશનલ અને બે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવા ઉપલબ્ધ હશે.

બાંગ્લાદેશની ટીમ ૨૦૦૮ પછી પહેલી વાર દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં રમવા જનાર છે. શકિબે કહ્યું હતું કે તે જ્યારે ટી-૨૦ ક્રિકેટમાં રમે છે ત્યારે તેના પર કોઈ માનસિક તણાવ હોતો નથી અને અલબત, તેમાં રમવામાં મળતાં નાણાં પણ મહત્ત્વનો મુદ્દો છે. ''પણ, ટેસ્ટ મેચોમાં મારે બૅટિંગ અને બૉલિંગ કરવી પડતી તથા ચારે દાવમાં મારો ફાળો આપવાનો રહેતો હોય છે જેની ટીમને પણ મારી પાસેથી આશા રહેતી હોય છે,'' એમ તેણે કહ્યું હતું.

શકિબ વિશ્વભરમાં ટી-૨૦ સ્પર્ધાઓમાં વિવિધ ટીમ વતી રમે છે અને બાંગ્લાદેશના એક અખબારના જણાવ્યા પ્રમાણે તેણે ૨૦૧૬માં ચાર ટી-૨૦ સ્પર્ધામાં ભાગ લઈ ૭૧૨,૦૦૦ ડૉલરની કમાણી કરી હતી. ૨૦૧૪માં સસ્પેન્ડ થવાના કારણે વેસ્ટ ઈન્ડિઝ સામે બે મેચમાં રમવાનું ચૂકી જવા પછી તે બાંગ્લાદેશ વતી બધી ટેસ્ટમાં રમ્યો છે.

શકિબે કહ્યું હતું કે ટેસ્ટ ક્રિકેટમાંથી આરામ લેવામાં તે શારીરિકપણે ફરી તાજો બનશે અને પોતાની કારકિર્દી વધુ લાંબી બનાવી શકશે અને પોતાને આરામ આપવા માટે તેણે બી.સી.બી.નો આભાર માન્યો હતો.

શકિબે સમગ્ર મેચમાં દસ વિકેટ ઝડપી અને એક દાવમાં ૮૪ રન કરી બાંગ્લાદેશની ટીમને ગયા મહિને ઑસ્ટ્રેલિયા સામે પ્રથમ ટેસ્ટ વિજય અપાવ્યો હતો. (એ.એફ.પી.) ■

# ડેવિસ કપ મેચના રિઝર્વ ખેલાડીઓમાં ઈજાગ્રસ્ત બાલાજીના બદલે પૂરવ રાજા

પુણેઃ પુરવ રાજાએ કૅનેડા સામે રમાનાર ડેવિસ કપની વિશ્વ વિભાગની મેચ માટે ભારતના અનામત ખેલાડીઓમાં ઈજાગ્રસ્ત શ્રીરામ બાલાજીનું સ્થાન લીધું છે.

મેચ શુક્રવારથી એડમન્ટન ખાતે રમાનાર છે.

બાલાજીને ન્યૂ યોર્ક ખાતે મેચની તૈયારીમાં યોજાયેલ શિબિરમાં પગની ઘૂંટીમાં મોચ આવી હોવાનું ભારતની ટીમના કેપ્ટન મહેશ ભૂપતિએ કહ્યું હતું.

રાજા તાજેતરમાં યુ. એસ. ઓપન ટેનિસ સ્પર્ધામાં લિયેન્ડર પેસની જોડીમાં રમ્યો હતો. ■

# વેસ્ટ ઈન્ડિઝની ટીમ નવેમ્બરમાં ટી-૨૦ શ્રેણી રમવા પાક આવશે



કરાચીઃ પાકિસ્તાનમાં લાહોર ખાતે વેસ્ટ ઈન્ડિઝની ટીમ સામે ત્રણ ટી-૨૦ મેચની ટૂંકી શ્રેણીનું આ વર્ષે નવેમ્બરના અંતમાં આયોજન કરવામાં આવશે, એમ પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડ (પી.સી.બી.)ના એક સત્તાધીશે કહ્યું હતું.

ક્રિકેટ બૉર્ડના ચેરમેન નજમ શેઠીએ એક ટેલિવિઝન ચેનલને કહ્યું હતું કે વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બૉર્ડ (ડબ્લ્યુ.આઈ.સી.બી.) જોડે આ બાબતમાં કરાર કરાયા છે અને તેની ટીમ નવેમ્બરમાં ત્રણ ટી-૨૦ મેચ રમવા લાહોર આવશે.

શેઠીએ વધુમાં કહ્યું હતું કે મેચોનો કાર્યક્રમ વહેલી તકે જાહેર કરવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે શ્રીલંકાની ટીમ પણ ૨૯મી ઑક્ટોબરે લાહોરમાં એક ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવા સંમત થઈ છે તથા તેને ઓછામાં ઓછી બે મેચ રમવા વિનવવામાં આવી રહી છે.

આ બંને ટીમના પ્રવાસ શક્ય બનતા માર્ચ ૨૦૦૯માં પ્રવાસી શ્રીલંકાની ટીમના ખેલાડીઓ પર લાહોરમાં થયેલા આતંકવાદી હુમલા પછી પાકિસ્તાનમાં ફરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમાશે.

આઈ.સી.સી. (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)ના સહકારથી વર્લ્ડ ઈલેવનની ટીમ પણ હાલ પાકિસ્તાનમાં રમવા આવી છે.

તે આતંકવાદી હુમલા પછી ટોચની કોઈ ટેસ્ટ ટીમ પાકિસ્તાનમાં રમવા આવી ન હતી કે જે બનાવમાં પાકિસ્તાનના છ પોલીસ કર્મચારીના મરણ નીપજ્યાં હતાં.

એકમાત્ર ઝિમ્બાબ્વેની ટીમ મે ૨૦૧૫માં મર્યાદિત ઓવરની મેચોની ટૂંકી શ્રેણી રમવા પાકિસ્તાન આવી હતી કે જે મેચોને આઈ.સી.સી. તરફથી માન્યતા મળી ન હતી.

શેઠીએ વધુમાં કહ્યું હતું કે આવતા વર્ષે દક્ષિણ આફ્રિકાની ટીમને પણ પાકિસ્તાનમાં દ્વિવાર્ષિક શ્રેણી રમવા બોલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

શેઠીએ કહ્યું હતું કે હાલમાં મેચો ફક્ત લાહોરમાં રમાડવામાં આવે છે, પણ આગામી સમયમાં કરાચી, ફૈસલાબાદ, રાવલપિંડી અને મુલતાનમાં પણ તેનું આયોજન કરાશે. (પી.ટી.આઈ.) ■

# બે વર્ષના છોકરાને બોલ લાગવાથી ઈટલીના શહેરે મેદાનોમાં ક્રિકેટ રમવા પર પ્રતિબંધ મૂક્યો

લંડનઃ પોતાના ઘરની બાલ્કનીમાં બે વર્ષના એક છોકરાને ક્રિકેટનો બોલ લાગવાથી ઈટલીના એક શહેરે મેદાનમાં ક્રિકેટ રમવા પર પ્રતિબંધ મૂકયો છે કે જેથી ત્યાં સ્થળાંતર કરેલ અફઘાનીસ્તાન અને પાકિસ્તાનના ક્રિકેટ પ્રેમી લોકોને ફટકો પહોંચ્યો છે, એવા અહેવાલ જાણવા મળ્યા હતા.

ઉત્તર ઈટલીના બોલઝેનો શહેરના મેયરે તે છોકરાને માથામાં બોલ લાગ્યા પછી શહેરના ઉપવનોમાં ક્રિકેટ રમવા પર પ્રતિબંધ મૂક્યો હોવાના અહેવાલ મળ્યા હતા.

તે છોકરો બાલ્કનીમાં ઊભો રહી તેનાથી લગભગ ૧૦૦ મીટરના અંતરે રમાતી ક્રિકેટને નિહાળી રહ્યો હતો જ્યારે તેને બોલ લાગવાથી તેના મગજ પર ભારે ઈજા થઈ હતી.

મેયર રેન્ઝો કેરેમેસ્ચીએ કહ્યું હતું કે ઈજાગ્રસ્ત છોકરાના વાલીઓ તરફથી આ બાબતમાં મળેલા ઈ-મેલના પગલે ક્રિકેટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ઈટલીમાં સ્થળાંતર કરી રહેતા અફઘાની અને પાકિસ્તાની લોકો ક્રિકેટમાં રસ લે છે, પણ બહુ ઓછા ઈટાલિયનો આ રમત રમે છે.

ઈટલીના એક અખબારે વધુમાં જણાવ્યું હતું કે બ્રેસિયા નામના અન્ય એક શહેરે પણ ૨૦૦૯માં જાહેર સ્થાને ક્રિકેટ રમવા પર પ્રતિબંધ મૂક્યો હતો. (પી.ટી.આઈ.) ■

# ભારતની બૅટિંગ મોટો ભય ઊભો કરે છેઃ સ્ટોઈનિસ



ચેન્નઈઃ ભારતનો બૅટિંગ ક્રમ 'મોટો ભય' ઊભો કરે છે અને પાંચ વન-ડે ઈન્ટરનેશનલ મેચની આગામી શ્રેણીમાં આયોજક રાષ્ટ્રની ટીમનો બરોબર સામનો કરવા ઑસ્ટ્રેલિયાએ મોટા પ્રમાણમાં રન કરવા જરૂરી રહે છે, એમ પ્રવાસી ટીમનો ઓલ-રાઉન્ડર માર્કસ સ્ટોઈનિસે કહ્યું હતું.

ભારત-ઑસ્ટ્રેલિયા વન-ડે શ્રેણીનો ૧૭મી સપ્ટેમ્બરે ચેન્નઈમાં પહેલી મેચથી પ્રારંભ થનાર છે.

સ્ટોઈનિસે શ્રેણી પહેલા અહીં એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે મંગળવારે બૉર્ડ પ્રમુખની ટીમ સામે રમાયેલ પ્રેક્ટિસ મેચમાં ૬૦ બોલમાં ૭૬ રન ફટકારી અને એક વિકેટ ઝડપી ઑસ્ટ્રેલિયાને ૧૦૩ રનથી વિજય અપાવ્યો હતો.

''મારું માનવું છે કે અમારે આ શ્રેણીમાં ઘણા રન કરવાના રહે છે, કારણ કે ભારતના બેટ્સમેનો ઘણું સારું રમી રહ્યા છે,'' એમ સ્ટોઈનિસે કહ્યું હતું. ભારતીય ટીમમાં કયો બેટ્સમેન મોટા ભય સમાન છે, એમ પૂછવામાં આવતા સ્ટોઈનિસે કહ્યું હતું કે ટીમના બધા બેટ્સમેન મોટા ભય સમાન છે અને તે બધા ઘણા સારા ખેલાડી છે. સ્ટોઈનિસે કહ્યું હતું કે ભારતમાં આઈ.પી.એલ. (ઈન્ડિયન પ્રીમિયર લીગ) સ્પર્ધામાં રમવાના અનુભવ તથા ભારતમાં રહેતી સ્થિતિનું જ્ઞાન તેને સારો દેખાવ કરવા વર્તમાનના પ્રવાસમાં મદદગાર બનશે. (પી.ટી.આઈ.) ■

# વર્લ્ડ કપ (૨૦૧૯)ની ટીમમાં સ્થાન મેળવવા હું પ્રયાસ કરી રહ્યો છુંઃ સાહા

કોલકાતાઃ મહેન્દ્રસિંહ ધોનીએ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચોમાં રાષ્ટ્રની ટીમમાં વિકેટકીપર તરીકે તેનું સ્થાન ભલે કાયમી કર્યું હશે, પણ ભારતના ટેસ્ટ વિકેટકીપર વૃદ્ધિમાન સાહાએ કહ્યું હતું કે પોતે વર્લ્ડ કપમાં રમવાનું હજી સ્વપ્ન સેવી રહ્યો છે અને ૨૦૧૯ની સ્પર્ધામાં રમવા પસંદગી પામવા તે પોતાના શ્રેષ્ઠ પ્રયત્ન કરી રહ્યો છે.

સાહાએ કહ્યું હતું કે હકીકતમાં તેની પત્ની રોમી તેને વર્લ્ડ કપમાં રમતો જોવા ઈચ્છે છે.

''મારી પત્ની મને વર્લ્ડ કપમાં રમતો જોવા ઈચ્છે છે અને તે માટે મને પ્રયત્ન કરતા રહેવાનું કહે છે તથા હું પણ મારા પ્રયાસ કરી રહ્યો છું, પણ છેવટે સિલેક્ટરોએ નિર્ણય કરવાનો રહે છે,'' એમ ૨૯ વર્ષના સાહાએ કહ્યું હતું.

આયોજક શ્રીલંકા સામે ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ મેચોમાં ૯-૦થી વિજયી થયેલ ભારત પ્રવાસી ઑસ્ટ્રેલિયાની ટીમ સામે પાંચ વન-ડે અને ત્રણ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચની શ્રેણી રવિવારથી રમનાર છે.

સૌરવ ગાંગુલીએ પોતાના અભિપ્રાયમાં કહ્યું હતું કે બંગાળનો સાહા મર્યાદિત ઓવરની મેચોમાં ધોનીનું સ્થાન ભવિષ્યમાં લઈ શકે છે.

''હું મારો દેખાવ સારો કરવા માટેના હંમેશ પ્રયાસ કરી રહ્યો છું અને બધો આધાર પસંદગી સમિતિ પર છે,'' એમ ભારત વતી ફક્ત નવ વન-ડે મેચ રમેલ સાહાએ કહ્યું હતું. (પી.ટી.આઈ.) ■



# ક્રિકેટ બૉર્ડની આજે નાણાં સમિતિની બેઠકમાં મહિલા ક્રિકેટ પર ખાસ ચર્ચા થશે

નવી દિલ્હીઃ બી.સી.સી.આઈ. (બૉર્ડ ઑફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા)ના નાણાં સમિતિની રાજધાનીમાં ૧૪મી સપ્ટેમ્બરે યોજાનારી બેઠકમાં મહિલા ક્રિકેટરોના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટના પૈસા અને મેચ-ફીમાં વધારા બાબતમાં ચર્ચા કરાશે, જેમાં રાષ્ટ્રીય સર્કિટમાં રમતા અન્ય બધા ખેલાડીઓનો પણ સમાવેશ હશે. બેઠકમાં સાત મુદ્દાના વહીવટમાં પુરુષ/મહિલા ક્રિકેટરોના કોન્ટ્રાક્ટના પૈસામાં વધારો મુખ્ય છે.

બેઠકનું કૉંગ્રેસના સિનિયર રાજકારણી જ્યોતિરાદિત્ય સિંધિયા અધ્યક્ષપદ લેશે જેઓ નાણાં સમિતિના વડા છે. રાષ્ટ્રીય સર્કિટના ખેલાડીઓને મળતાં નાણાંમાં વધારો કરવા પણ ચર્ચા-વિચારણા થશે. (પી.ટી.આઈ.) ■

# ભારત-એ ટીમનો કેપ્ટન કરુણ નાયર



મુંબઈઃ પ્રવાસી ન્યૂ ઝીલેન્ડ-એ ટીમ સામે વિજયવાડા ખાતે રમાનાર ચાર દિવસની બે મેચ માટે બી.સી.સી.આઈ. (બૉર્ડ ઑફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા)એ જાહેર કરેલ ૧૪-સભ્યની ભારત-એ ટીમના કેપ્ટનપદે કરુણ નાયરની નિમણૂક કરાઈ છે.

પહેલી મેચ ૨૩મી સપ્ટેમ્બરથી રમાનાર છે.

ભારત-એ ટીમઃ કરુણ નાયર (કેપ્ટન), પ્રિયાંક પંચાલ, આર. સમર્થ, સુદિપ ચેટરજી, શ્રેયસ ઐયર, અંકિત બાવને, હનુમા વિહારી, રિષભ પંત (વિકેટકીપર), શાહબાઝ નદીમ, કે. ગૌતમ, નવદીપ સૈની, શાર્દુલ ઠાકુર, મોહંમદ સિરાજ, અંકિત રાજપૂત.

જાહેર કરાયેલ કાર્યક્રમ નીચે મુજબ છેઃ

૨૩-૨૬ સપ્ટેમ્બરઃ પહેલી ચાર દિવસીય મેચ, વિજયવાડા ખાતે.

૩૦ સપ્ટેમ્બર-૩ ઑક્ટોબરઃ બીજી ચાર દિવસીય મેચ, વિજયવાડા ખાતે.

આ ઉપરાંત, ન્યૂ ઝીલેન્ડ-એ ટીમ ચાર વન-ડે મેચ પણ ૬ઠ્ઠી, ૮મી, ૧૦મી અને ૧૩મી ઑક્ટોબરે રમશે જે બધીનું વિશાખાપટ્ટનમ ખાતે આયોજન થશે. ■

# ફૂટબોલ રાષ્ટ્ર તરીકે ભારતનું ભવિષ્ય ઘડોઃ પીકે બેનરજીની રાષ્ટ્રના યુવા ખેલાડીઓને અરજ



કોલકાતાઃ મહાન ફૂટબોલર પી. કે. બેનરજીએ કહ્યું હતું કે ભારતે આગામી ફિફા ૧૭-હેઠળના માટે યોજાનારા વર્લ્ડ કપનો ફૂટબોલ રાષ્ટ્ર તરીકે પોતાનું ભવિષ્ય બનાવવામાં ઉપયોગ કરવો જોઈએ અને તેમણે ખેલાડીઓને શ્રેષ્ઠ પ્રયત્ન કરવા સાથે ટીમને ઊંચા ધોરણે લઈ જવાની અરજ કરી હતી.

ફિફા દ્વારા ૨૦મી સદીના ભારતીય ફૂટબોલર તરીકે જાહેર કરાયેલ બેનરજીએ તે પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ભાગ લેનારા રાષ્ટ્રના ખેલાડીઓને ટેકો આપવાની ભારતીયજનોને વિનંતી કરી હતી. ''આ ખેલાડીઓ આપણું ભવિષ્ય છે અને આપણે તેઓને ટેકો આપવો જોઈએ,'' એમ ૮૦ વર્ષના બેનરજીએ અહીં કહ્યું હતું.

ભારત માટે મુશ્કેલ પંથ હોવા છતાં, બેનરજીએ સ્પર્ધામાં પ્રથમ વાર ભાગ લઈ રહેલા રાષ્ટ્રના ખેલાડીઓના સારા દેખાવ માટે આશા વ્યક્ત કરી હતી.

ભારતે એ.એફ.સી. (એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન)ની ૧૬-હેઠળનાઓની ચૅમ્પિયનશિપમાં સાત વાર ભાગ લીધો છે, પણ ૨૦૦૨માં ફક્ત એક વેળા તે પહેલા રાઉન્ડથી આગળ વધી શક્યું હતું.

ફિફા યુવા વર્લ્ડ કપમાં ભારત તેની પહેલી મેચ અમેરિકા સામે ૬ઠ્ઠી ઑક્ટોબરે રમનાર છે અને ત્યાર પછી, તે કોલંબિયા (૯મી ઑક્ટોબર) અને ઘાના (૧૨મી ઑક્ટોબર) સામે રમશે.

પદ્મશ્રી એવૉર્ડ વિજેતા બેનરજી ૧૩ વર્ષની પોતાની કારકિર્દીમાં ૮૪ આંતરરાષ્ટ્રીય મેચમાં રમ્યા હતા જેમાં તેઓએ ત્રણ વેળા એશિયાઈ રમતોત્સવ (ટોકિયો, જકાર્તા, બેંગ્કોક)નો સમાવેશ છે. તેઓ ૧૯૫૬માં મેલબર્ન ઑલિમ્પિકમાં રાષ્ટ્રની ટીમ વતી રમ્યા હતા જ્યારે ભારતે ચોથા સ્થાને રહી પોતાનો શ્રેષ્ઠ દેખાવ નોંધાવ્યો હતો.

૧૯૬૦ના રોમ ઑલિમ્પિકમાં તેમણે રાષ્ટ્રની ટીમનું સુકાનૂ સંભાળ્યું હતું. (પી.ટી.આઈ.) ■

# જુહુ વિલે પાર્લે જિમ. ખાતે ઓપન સ્કવૉશ

મુંબઈઃ જે.વી.પી.જી. (જુહુ વિલે પાર્લે જિમખાના)-સીસ્કા ઓપન સ્કવૉશ સ્પર્ધાનું જુહુ વિલે પાર્લે જિમખાના અને ઈન્ડિયન સ્કવૉશ પ્રોફેશનલ્સ (આઈ.એસ.પી.) દ્વારા ૧૪-૧૮ સપ્ટેમ્બર દરમિયાન આયોજન કરવામાં આવશે.

આઈ.એસ.પી.ની આ ૧૩૨મી સ્પર્ધામાં પુરુષોની ઓપન, ૯ અને ૧૧-હેઠળના છોકરાઓ, ૧૩-હેઠળના છોકરાઓ અને છોકરીઓ, ૧૭ અને ૨૩-હેઠળના છોકરાઓ, ઓપન ડબલ્સ, હેન્ડીકેપ ડબલ્સ અને ૩૫-ઉપરના પુરુષો મળી, કુલ જુદી જુદી દસ હરીફાઈ યોજાશે.

મેચો પ્રિ-ક્વાર્ટર-ફાઈનલ તબક્કા સુધી શ્રેષ્ઠ ત્રણ અને ક્વાર્ટર-ફાઈનલ, સેમી-ફાઈનલ તથા ફાઈનલ શ્રેષ્ઠ પાંચ ગેમની રમાશે, એમ યાદીમાં જણાવવામાં આવ્યું હતું. ■

# સિનિયર રાષ્ટ્રીય બેડમિન્ટનની ઈનામી રકમમાં જબ્બર વધારો

કોચીઃ બેડ્મિન્ટન એસોસિયેશન ઑફ ઈન્ડિયા (બી.એ.આઈ.)ના પ્રમુખ હિમાન્ટા બિસ્વા શર્માએ કહ્યું હતું કે રાષ્ટ્રીય સિનિયર બેડ્મિન્ટન ચૅમ્પિયનશિપમાં કુલ ઈનામની રકમને અગાઉના વર્ષોમાં રૂ. ૧૦ લાખની સરખામણીમાં રૂ. એક કરોડનો આ વર્ષથી વધારો કરવામાં આવ્યો છે અને ખેલાડીઓને સ્પર્ધાના પ્રિ-ક્વાર્ટર-ફાઈનલ તબક્કાથી ઈનામ અપાશે.

સિનિયર રાષ્ટ્રીય સ્પર્ધા નાગપુરમાં ૨-૮ નવેમ્બર દરમિયાન યોજાનાર છે, જેમાં પી.વી. સિન્ધુ અને સાઈના નેહવાલ જેવા ટોચના ખેલાડી ભાગ લેશે.

પણ, એ જાણવા મળ્યું ન હતું કે ૧૨૮ ખેલાડીઓના હિસ્સા સાથેની આ સ્પર્ધામાં પહેલા કે બીજા રાઉન્ડના વિજયી ખેલાડીઓને ઈનામ મળશે કે નહીં. (પી.ટી.આઈ.) ■